## રાજયનાં આઠ ડી.વાય.એસ.પી.ની બદલીનાં આદેશ

ગાંધીનગર, તા.૧

ચૂંટણી પૂર્વે રાજયના આઠ ડી.વાય.એ.પી.ની બદલીના આદેશ જારી કરવામાં આવ્યા છે. જેમાં ડી.વાય.એસ.પી. જે.બી. ભાભોરનો બી ડીવીઝન અમદાવાદ, એમ.કે. જાડેજાને આઈ. ડીવીઝન અમદાવાદ, એસ.એમ. મહેતાને નખત્રાણા, બી.આર. પટેલને આઈ.બી., સી.એન. રાજપુતને સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો, જે.એમ. રાઓલને હ્યુમન રાઈટસ, દાફડાને સ્ટેટ કંટ્રોલ તથા ડીવાયએસપી વી.આર. ટોલીયાને એસ.ડી.પી.ઓ. ગોંડલ ખાતે બદલીના આદેશ કર્યા છે.

## દાંતીવાડા ડેમમાં નર્મદાનું પાણી પહોંચશે

ગાંધીનગર, તા. ૧

નર્મદા મેઈન કેનાલની પાઈપલાઈન દ્વારા દાંતીવાડા ડેમ સુધી પાણી પહોંચાડવાનું કામ પૂર્ણતાના આરે છે. સુજલામ સુફલામ યોજના હેઠળ થરા તાલુકાના ચાંગા ગામેથી મુખ્ય કેનાલમાંથી દાંતીવાડા ડેમ સુધી લાવવાની કામગીરી પુરજોશમાં ચાલુ છે.

ચાંગાથી પાઈપલાઈન વડે દાંતીવાડામાં લવાતા પાણીની પાઈપલાઈન વચ્ચે રામપુરા, ખીમાણાનાં પાણી છોડવામાં આવશે, એકાદ માસમાં તમામ મંજૂરીઓને વિવિધ ખાતાઓમાં મળી જતા પાણી છોડવાની કામગીરી પૂર્ણ થશે.

## સમસ્ત સૌરાષ્ટ્ર અનુસૂચિત જાતિ સેવા સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ આજે યોજાશે

ગાંધીનગર, તા. ૧

સમસ્ત સૌરાષ્ટ્ર અનુસૂચિત જાતિ સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગર તરફથી તા. ૨જી ડિસેમ્બરના સાંજે ચાર વાગે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતો નવા વર્ષ નિમિત્તો સર્વસભ્યો કુટુંબીજનોનો નૂતન વર્ષનો સ્નેહમિલન કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સમસ્ત સૌરાષ્ટ્ર અનુસૂચિત જાતિ સેવા સમાજના પ્રમુખશ્રીએ જણાવેલ છે.

## મનપાનો મિલકત વેરો તા.૩૧મી ડિસેમ્બર સુધી ભરી શકાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવેલ સને ૨૦૧૧-૧૨ તથા સ્વીકારવાની છેલ્લી તારીખ તા.૩૧મી ડિસેમ્બર સુધી લંબાવવામાં આવે છે. આ તારીખ સુધી નાણાં ભરનાર પાસેથી નોટીસ ફી વસૂલવામાં આવશે નહિ.

## જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈનું જયપુરમાં પ્રવચન

ગાંધીનગર, તા.૧

જાણીતા નવલકથાકાર અને સમાજચિંતક ડૉ. કેશુભાઈ દેસાઈએ જયપુર ખાતે આયોજિત 'પુસ્તક પર્વ'માં 'સૃજન અને સમય' વિષય પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. રાજસ્થાન હિંદી ગ્રંથ અકાદમી દ્વારા આયોજિત આ ત્રિદિવસીય સાહિત્યપર્વમાં રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રી અશોક ગહલોત અને અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી ડૉ. જનાર્દન દ્વિવેદી તથા રાજસ્થાનના નામાંકિત સર્જકો ઉપરાંત સુપ્રસિદ્ધ કવિ અશોક વાજપેયી, વિદ્વાન વિવેચક ડૉ. સુધીશ પચોરી તથા મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય હિંદી વિશ્વ વિદ્યાલયના કુલપતિ ડૉ. વિભૂતિનારાયણ રાય (આંતરરાષ્ટ્રીય) ઉપસ્થિત રહ્યા હતાં.



વિશ્વ એઈડસ દિવસ નિમિત્તે શનિવારે નગરની સંસ્થા જુનિયર સિટીઝન કાઉન્સિલના ઉપક્રમે એચઆઈવી એઈડસ જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આરોગ્ય કર્મચારીઓ, મેડીકલ ઓફીસરો વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ દ્વારા નગરના જાહેર માર્ગો પરથી રેલી કાઢવામાં આવી હતી અને રેલીમાં બેનર્સ પ્લેકાર્ડ દ્વારા એઈડસ રોગ અંગે જનજાગૃતિ ઉભી કરવામાં આવી હતી. (તસવીર : દિપક જાની)

# વાવોલ ફાટક પાસેથી દેશી રીવોલ્વર સાથે બે ઝડપાયા

## દેશી રીવોલ્વર અને પાંચ જીવતા કારતુસ સાથે બંનેની ધરપકડ : વેચવાની ફીરકમાં ફરતા હતાં

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામના ફાટક પાસેથી બેશખ્સો દેશી રિવોલ્વર સાથે ચાલતા જઈ રહ્યા હોવાની બાતમી મળતાં ગાંધીનગર સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમ બાતમીવાળા સ્થળે પહોંચી ગઈ હતી અને બે શખ્સોને પાંચ જીવતા કારતુસ અને રૂ. ૨૨ હજારની કિંમતની દેશી રીવોલ્વર સાથે પકડી પાડીને તેના રીવોલ્વર રાખવા પાછળના ઈરાદાને બહાર લાવવા અને રીવોલ્વર કયાંથી લાવ્યો તથા વાવોલ પાસે આ રીવોલ્વર લઈને જીવતા કારતુસ સાથે કયા ઈરાદા માટે આવ્યા હતાં તે તમામ બાબતોની સઘન પુછપરછ એસ.ઓ.જી. પી.આઈ.એ શરુ કરી છે. ઘણા સમય પહેલા ખરીદેલી આ દેશી રીવોલ્વર બંને શખ્સો વેચવાના ફીરાકમાં ફરતા હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. બી.એ. પટેલને ગઈ કાલે સાંજે બાતમી મળી હતી કેવાવોલ ફાટક પાસેથી પસાર થઈ રહેલા બે શખ્સો પૈકી એક પાસે દેશી રીવોલ્વર છે. ચૂંટણી દરમિયાન રીવોલ્વર સાથે કોઈ વ્યકિતના ફરવાના મેસેજ મળતા જ એસ.ઓ.જી.ની ટીમ તાબડતોબ વાવોલ ફાટક પાસે પહોંચી ગઈ હતી. કડી તાલુકાના રાજપુર ગામમાં રહેતા સરફરાઝ સલીમ મહમ્મદ શેખ અને શાહીદ રહીમ શેખને પકડી લઈને જડતી કરતાં તેમની પાસેથી દેશી રીવોલ્વર અને પાંચ જીવતા કારતુસો મળી આવ્યા હતાં. શાહીદ નામના શખ્સ પાસેથી ૩ જીવતા કારતુસ અને સરફરાઝ પાસેથી દેશી રીવોલ્વર અને બે કારતુસ મળ્યા હતાં. બંનેની ધરપકડ કરી લઈને એસ.ઓ.જી. પી.આઈ.એ પુછપરછ શરુ કરી દેતા તેઓ ઘણા સમય પહેલા આ તમંચો લાવ્યા હતા અને દર ગુરુવારે વાવોલની દરગાહે આવતા હોવાથી ગઈ કાલે પણ દરગાહે જઈ રહ્યા હોવાની કેફીયત આપી રહ્યા હતાં. બંને શખ્સો વેચવાની ફીરાકમાં હોવાનું પણ જાણવા મળ્યું હતું. એસ.ઓ.જી. પી.આઈ.એ બંને શખ્સોના રીવોલ્વર રાખવા પાછળના ઈરાદા સહિત તમામ બાબતોની સઘન પુછપરછ આરંભી દીધી છે.

## ગુજરાત મુસ્લિમ ઘાંચી સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧

ગુજરાત સમસ્ત મુસ્લિમ ઘાંચી સમાજ દ્વારા ચાલુ વર્ષે લેવાયેલ એસ.એસ.સી. અને એચ.એસ.સી., સ્નાતક અને અનુસ્નાતક પરીક્ષાઓ અને તમામ વ્યવસાયિક કોર્સિસમાં ઉત્તીણ થયેલ તથા ધાર્મિક તાલીમ પ્રાપ્ત રાજ્યના ઘાંચી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ ઘાંચી સમાજ પરિસર, ખાનપુર, અમદાવાદ ખાતે તા. ૨-૧૨-૨૦૧૨નો રવિવારના રોજ સવારે ૧૦ કલાકે યોજાશે.

સંમેલનના અધ્યક્ષપદે ડો. મુકુલસિંહા, પ્રમુખ જન સંઘર્ષ મંચ, મુખ્ય મહેમાન પદે ઉદ્યોગપતિ શ્રી શફી મનિયાર અને અતિથિ વિશેષ પદે શ્રી મોહંમદ સુલેહ એમ. તિરમિઝી, ખ્યાતનામ એડવોકેટ, ટ્રસ્ટી પ્રકાશક 'ગુજરાત ટુડે' દૈનિક તથા શ્રી હિદાયતુલ્લા સૈયદ, પ્રમુખ સરોવર એજ્યુકેશન સોસાયટી, ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે. આથી આ કાર્યક્રમમાં પધારી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા તથા સંસ્થાના વિકાસમાં સહભાગી બનવા તમામ ઘાંચી ભાઈ-બહેનોને ઓન.જનરલ સેક્રેટરી શ્રી મુસ્તુફા ખેડુવોરા દ્વારા જાહેર નિમંત્રણ આપવામાં આવે છે.

# જાણીતા સર્જક ચિત્રસેન શાહને અભિનંદન

ગાંધીનગર, તા. ૧

સાહિત્ય જગતમાં વિશિષ્ટ રીતે હાસ્ટ કટાક્ષના લેખો દ્વારા હાસ્યનું વાવાઝોડું ફૂંકનાર, ધણીને ધાકમાં રાખો -ફેઈમ જાણીતા હાસ્ય લેખક ચિત્રસેન રવજીભાઈ શાહનો જન્મ તા. ૧૮મી એપ્રિલ ૧૯૪૦ના રોજ કચ્છ માંડવી ખાતે થયો હતો. પરંતુ તેમણે કર્મ ક્ષેત્ર ગાંધીનગર ખાતે થયો હતો. પરંતુ તેમણે કર્મક્ષેત્ર ગાંધીનગરને બનાવ્યું છે. બી.ઈ. (ઈલેક્ટ્રીકલ)નાં અભ્યાસી ધરાવતાં તેઓ જી.ઈ.બી.ના નિવૃત્ત કાર્યપાલક ઈજનેર છે. પરંતુ સાહિત્ય ક્ષેત્રે પ્રવૃત્ત એવા સાહિત્યના યુવા પ્રતિભા સમાન લેખક છે. ગૃહિણી એવાં શ્રીમતી લીલાવતીબેન તેમનાં જીવનસંગિની છે. તો ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટ દંપતી ડૉ. સુકેતુ શાહ



અને શ્રીમતી સીમાબેન સુકેતુ શાહ જેવા પુત્ર અને પુત્રવધુ થકી કુમારી પ્રિયંકા જેવી પૌત્રીના આ દાદાજી સંયુક્ત કુટુંબ સદા હસતાં હસાવતા જોવા મળેલ છે. ત્યારે ચિત્રસેન 'શાહ' નહીં. 'હાસ્યના બાદશાહ' તરીકે મિત્રોમાં જાણીતા બનેલા છે.

જાડાં કાચના ચશ્મા પહેરતાં હોવા છતાં તેમની નજર ધારદાર અને મગજ જોરદાર છે. તેથી અખબારમાંથી કે જીવન વ્યવહારમાંથી કંઈક એવું પકડી પાડી ખુદના અલગ અર્થઘટન સાથે પોતાની હળવી શૈલીમાં આગામી રીતે રજૂ કરે છે. તેમનાં હાસ્યલેખો ન્યૂજર્સી (અમેરિકા)થી પ્રસિધ્ધ થતાં 'ગુજરાત દર્શન' મુંબઈ સમાચાર, સંદેશ, જનસત્તા, ભરૂચથી પ્રસિધ્ધ થતાં 'આંદોલન' અને, અમદાવાદથી પ્રગટ થતાં 'સંસ્કાર' કે મંગલ મંદિર જેવા સામયિકોમાં, પુસ્તકો પણ પ્રગટ થયાં છે પણ તેઓ મુળભૂત રીતે ગાંધીનગર સમાચારના માનીતા કટાર લેખક છે. જેમને ગુજરાત સાહિત્ય સંગમનો જયોતિન્દ્ર દવે સાહિત્યશ્રી 'ગૌરવપૂર્ણ એવોર્ડ' અને તેમનાં પુસ્તક 'વરઘોડો વનેચંદના પુત્રનો' લોકાર્પણ પ્રસંગે ગાંધીનગર સમાચાર અભિનંદન પાઠવે છે.

## સંત નિરંકારી મંડળના ઉપક્રમે યોજાતા સત્સંગમાં નગરજનોને જાહેર નિમંત્રણ

ગાંધીનગર, તા. ૧

સંત નિરંકારી મિશન અંતર્ગત ગાંધીનગરમાં સેક્ટર-૩૦, શાંતિવન સોસાયટી સામે, ચીપ ટાઈપ શોપીંગની સામે સત્સંગ ભવનમાં દર રવિવારે, બુધવારે અને શુક્રવારે સત્સંગનું અનેરૂ આયોજન થાય છે. જેમાં ગાંધીનગરના ધર્મપ્રેમી પ્રજાને પધારવા આયોજકોએ ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

કોઈપણ જાતિ, જ્ઞાતિના ભેદભાવ વગર ગાંધીનગરના સેક્ટર-૩૦ના આંગણે સત્સંગ ભવનમાં સંત નિરંકારી મંડળ દ્વારા સત્સંગનું આયોજન કરવામાં આવે છે. દર રવિવારે સવારે ૧૦થી ૧૨.૩૦ કલાક સુધી સત્સંગ યોજાય છે. દર બુધવારે મોબાઈલ સત્સંગ વારાફરતી સત્સંગીઓના ઘેર યોજાય છે તથા ચિલોડા આર્મીકેન્ટ ખાતે મંદિરના પ્રાંગણમાં દર શુક્રવારે સાંજે ૭ થી ૮ સુધી આધ્યાત્મિક ચર્ચા સાથે સત્સંગનું આયોજન કરવામાં આવે છે. આ સૌ સત્સંગનો લાભ લેવા ગાંધીનગરની ધાર્મિક પ્રજાને સંત નિરંકારી મંડળ, ગાંધીનગરના પ્રમુખ કે.એસ. ચુધે હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે. સત્સંગ દરમિયાન ગીતાજ્ઞાન આધારીત જ્ઞાનની ચર્ચા, ભજન, ભક્તિગીતો તથા ધાર્મિક વિચારોની આપ-લે પણ થાય છે.

# આજથી સે-૨૪માં શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સેકટર-૨૪ના આદર્શનગર ખાતેના બ્લોક નં. ૫૭૧માં આજથી તા.૨ ડિસેમ્બરથી ૮મી ડિસેમ્બર દરમિયાન કથાકાર શ્રદ્ધેય કર્ણવભાઈ જોષીની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાશે.

ઊંઝાવાળા સ્વ. ભાલચંદ કાન્તિલાલ ભાવસારના સ્મરણાર્થે અને ગં.સ્વ. શારદાબેન ભાવસાર પરિવાર દ્વારા તા. ૨ ડિસેમ્બર ૨૦૧૨થી ૮મી ડિસેમ્બર ૨૦૧૨ સુધી બપોરે ૧ થી ૫ કલાક દરમિયાન કર્ણવભાઈ જોષીની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાશે. આજે બપોરે ૧૨:૩૯ કલાકે પોથીયાત્રા નીકળશે. કથા દરમિયાન ૩જીએ કપીલ જન્મોત્સવ, સાંખ્ય દર્શન, ૪થીએ નૃસિંહ પ્રાગટય તથા ઝાંખી દર્શન તા.૫મી ડિસેમ્બરે શ્રી હરિશરણ મનોરથમાં વામન પ્રાગટય, રામ જન્મોત્સવ, કૃષ્ણ જન્મોત્સવ, ઝાંખી દર્શન તથા પૂજા, તા. ૬ ડિસેમ્બરના રોજ ગોવર્ધન લીલા, અન્નકૂટ દર્શન તથા કૃષ્ણ રૂક્ષ્મણી વિવાહ ૭મી ડિસેમ્બરે ધામધૂમથી ઉજવવામાં આવશે. સૌ ભાવિક ભકતોને મોટી સંખ્યામાં આ પાવન કથા ગંગાનો લાભ લેવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કલોલમાં બેફામ જતી કારે ત્રણ વૃદ્ધાને અડફેટે લીધી

## રોષે ભરાયેલા રાહદારીઓએ ગાડીના કાચમાં તોડફોડ કરી : ત્રણેય ઘાયલ વૃદ્ધા સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૧

કલોલ શહેરના ટેકનીકલ સ્કુલ સામેના માર્ગ પરથી પુરપાટ ઝડપે પસાર થઈ રહેલી ઈન્ડિકા કારના ચાલકે ચાલતા જઈ રહેલ ત્રણ વૃદ્ધાઓને અડફેટે લઈ લેતા ત્રણેય ગંભીર રીતે ઘવાયા હતાં. કાર મુકીને આરોપી ચાલક ફરાર થઈ ગયો હતો જયારે રોષે ભરાયેલા સ્થળ પરથી પસાર થઈ રહેલા રાહદારીઓએ કારના કાચની તોડફોડ કરી મુકી હતી. કલોલ શહેર પોલીસે ગુનો દાખલ કરી આરોપીને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે તો બીજી તરફ ત્રણેય ઘાયલ વૃદ્ધાને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

કલોલ શહેરનાં ટેકનીકલ સ્કુલ સામેના હાઈવે પરથી આજે બપોરે ૪ વાગ્યાના અરસામાં ત્રણ વૃદ્ધાઓ ૬૨ વર્ષીય હંસાબેન જયંતિલાલ શાહ, ૮૩ વર્ષીય ગુણીબેન જયંતિલાલ શાહ અને ૬૨ વર્ષીય દિવ્યાબેન પ્રવિણભાઈ શાહ (તમામ રહે. મીલ કામદાર સોસાયટી કલોલ) ચાલતા પસાર થઈરહ્યા હતા તે દરમિયાન હાઈવે પરથી બેફામ ગતિએ જીજે-૧ એ.એફ. ૧૭૫૫ નંબરની ઈન્ડીગો નીકળી અને તેના ચાલકે ત્રણેય વૃદ્ધાઓને અડફેટે લઈલેતા ત્રણેય ગંભીર રીતે ઘવાયા હતાં. અકસ્માત બાદ કાર મુકીને ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતને નજરે જોનાર રાહદારીઓએ કાર પર રોષ ઠાલવીને તોડફોડ કરી મુકી હતી. ત્રણેય ઘવાયેલા વૃદ્ધાઓને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. સદનસીબે ત્રણેય વૃદ્ધાઓની સ્થિતિ સામાન્ય જણાઈ છે. કલોલ શહેર પોલીસે ફરાર થઈ ગયેલા કાર ચાલક વિરુધ્ધ ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

## ઘરફોડ ચોરીમાં બે વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

### અડાલજ વાવ પાસે ચાર દુકાનોની પાછળની બારી તોડીને ઘરફોડ કરી

અડાલજ વાવ સામે આવેલા મુખી કોમ્પ્લેક્ષ ખાતે સ્થિત ચાર દુકાનોની પાછળની બારી તોડીને બે વર્ષ અગાઉ ઘરફોડ ચોરી થવા પામી હતી. આ ગુનામાં બે વર્ષથી વોન્ટેડ સુત્રધાર બીજા ગુનામાં રાજસ્થાન પોલીસના સકંજામાં આવી ગયો હતો. તેની પુછપરછ દરમિયાન અડાલજની ઘરફોડ કબુલાત કરતાં ટ્રાન્સફર વોરંટથી અડાલજ પોલીસ સુત્રધારને પકડી લાવી છે અને અન્ય ગુનાઓમાં સંડોવણી છે કે કેમ તે જાણવા તથા એના અન્ય ત્રણ વોન્ટેડ સુત્રધારોને પકડી પાડવા રીમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે.

અડાલજની વાવ સામેના મુખી કોમ્પ્લેક્ષમાં ૩૦ જાન્યુઆરી ૨૦૧૧માં ચાર ચાર દુકાનોમાં ઘરફોડ ચોરી થવા પામી હતી. જેમાં દુકાનની પાછળની બારી તોડીને અંદર પ્રવેશ્યા હતા અને પાંચ નંગ બુટ તથા રોકડ ૮ હજાર મળીને રૂ. ૯૫૦૦ની થયેલી ઘરફોડ ચોરીમાં વોન્ટેડ શખ્સ ડુંગરપુરનો અર્થવેદ નટવરલાલ નટ્ટ રાજસ્થાન પોલીસના હાથે અન્ય ગુનામાં ઝડપાઈ ગયો હતો. તેની પુછપરછમાં અડાલજની ઘરફોડ પણ ડીટેકટ થતાં અડાલજ પોલીસ તે આરોપીને ટ્રાન્સફર વોરંટથી લઈ આવી છે. ગાંધીનગર તથા આસપાસના અન્ય કરેલા વિસ્તારોમાં આ શખ્સે તેની ટીમ સાથે મળીને ચોરી કરી છે તે સહિતની બાબતો તપાસવા પુછપરછ હાથ ધરવામાં આવી છે. આ ગુનામાં વોન્ટેડ અન્ય ત્રણ સાગરીતોની પણ પોલીસે શોધખોળ માટે તજવીજ શરુ કરી આરોપીના રિમાન્ડ મેળવવા ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪
સૂર્યાસ્ત : ૫.૫૨

## તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૬ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૩૯ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાય(હિન્દી) : ૧૦.૦૦
તલાશ : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦,૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
તલાશ : ૧૦.૦૦,૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
લાઈફ ઑફ પાય (હિન્દી) : ૧૧.૧૫, ૭.૪૫
તલાશ : ૨.૧૫, ૫.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૦૦
જબ તક હૈ જાન : ૧૨.૪૫, ૬.૪૫
સન ઑફ સરદાર : ૪.૦૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાય(હિન્દી) ૩-ડી : ૯.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦
ટ્વાલાઈટ પાર્ટ-૨ : ૧૧.૪૫
તલાશ : ૯.૩૦
: સ્ક્રીન-૨ :
તલાશ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
તલાશ : ૮.૦૦, ૧૧.૦૦, ૮.૧૫
સન ઑફ સરદાર : ૨.૦૦
જબ તક હૈ જાન : ૫.૦૦
: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

તલાશ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
તલાશ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
સન ઑફ સરદાર : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જબ તક હૈ જાન : ૧૦.૧૫, ૧.૩૦, ૧૦.૧૫
તલાશ : ૫.૦૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

તલાશ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- સમસ્ત સૌરાષ્ટ્ર અનુ.જાતિ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ બપોરે ૩.૦૦ કલાકે.

### સામાજિક

- ગુજરાતના જાણીતા સાહિત્યકાર હાસ્યવિદ ચિત્રસેન શાહના 'વરઘોડો-વનેચંદના પુત્રનો' નામક પુસ્તકનો લોકાપર્ણ સમારોહ તથા 'જ્યોતિન્દ્ર દવે સાહિત્યશ્રી એવોર્ડ' અર્પણ વિધિ કાર્યક્રમ સાંજે ૫.૦૦ કલાકે બ્રહ્માણીકૃપા હોલ, કડી કેમ્પસ, ગેટ નં.૧, સેકટર-૨૩ ખાતે યોજાશે.

## આપની આજ

**મેષ** : આરોગ્ય પ્રત્યે લાપરવા ન રહેવું. માલ-મિલકતના પ્રશ્નોનો ઉકેલ આવતો જણાય. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**વૃષભ** : નિર્ણયોને ખાનગી રાખવા હિતકારક હોય છે. બુદ્ધિ અને મનોબળથી સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થશે. પ્રયત્નોમાં અસફળતાથી નિરાશાત્મક વિચારોમાં વૃદ્ધિ થઈ શકે છે.

**મિથુન** : પ્રયાસ કરવાથી અટકેલા નાણાં મળવાની શકયતા. જવાબદારીના કાર્યોમાં સાવચેતી રાખવી. સામાજિક સમ્માન પ્રાપ્ત થઈ શકે છે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો.

**કર્ક** : આર્થિક રોકાણ વિચારીને કરવું. કુટુંબિજનો અને મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ પ્રાપ્ત થઈ શકશે.

**સિંહ** : સંતાન સંબંધી કાર્યોમાં ઉન્નતિ થશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. આમોદ-પ્રમાદના અવસર આવશે.

**કન્યા** : સ્થાયી સંપતિ ખરીદની સંભાવના છે. જીવનસાથીથી સંબંધોમાં પ્રગાઢતા આવશે. આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. હમણાં સુધારામાં સમય લાગશે.

**તુલા** : કૌટુંબિક ચિંતાથી મન ખિન્ન થશે. વધુ ખર્ચ ન કરવો નહીંતો મુશ્કેલી થઈ શકે છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

**ધન** : ભૌતિક સુખ-સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં વિઘ્નો ઉત્પન્ન થઈ શકે છે.

**મકર** : સ્ફુર્તિ અને જોશ રહેશે. ધર્મમાં આકર્ષણ વધશે. નવી કાર્ય યોજનાનો યોગ પ્રબળ બની રહ્યો છે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.લાભનો માર્ગ ખુલ્લો થશે.

**કુંભ** : પરિવારમાં સુખ શાંતિનું વાતાવરણ રહેશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. આવકમાં વધારો થઈ શકે છે. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે.

**મીન** : શત્રુઓથી હાનિ થવાની આશંકા રહેશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. વેપારમાં લાભ થવાનો યોગ છે.

## ચિરવિદાય

- સ્વ. અનન્યાકુમારી દિપકકુમાર શ્રીમાળી(ઉ.વ.૨) પ્લોટ નં. ૧૧૮૪/૨, સેકટર-૨/એ, ગાંધીનગર.
- સ્વ. પુરૂષોત્તમભાઈ છગનભાઈ પટેલ(ઉ.વ.૫૬)૮૦, શ્યામધામ સોસાયટી, સરદારચોક, કૃષ્ણનગર-નરોડા, અમદાવાદ.
- સ્વ. જયંતિભાઈ ગિરધરભાઈ પટેલ(ઉ.વ.૬૦) મુ.પો. રાંધેજા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. ભગીરથભાઈ નરહરીભાઈ સુતરીયા(ઉ.વ.૫૬) પ્લોટ નં. ૧૩૩૧/૨, સેકટર-૨/સી, ગાંધીનગર.